જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૨/૨૦૧૯ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૨૩/૧૯

# એક્ટિવા ચોર પકડી પાડતી શાહીબાગ પોલીસ

મે.પોલીસ કમીશ્નર સાહેબ શ્રી તથા મે.સેકટર-૨ સાહેબ શ્રી તથા ના.પો.કમી.શ્રી ઝોન-૪ સાહેબ શ્રી તથા મ.પો.કમિ.શ્રી 'એફ' ડીવીઝન સાહેબ તથા સિનિયર પોલીસ ઇન્સપેક્ટર એ.કે.પટેલ સાહેબ તથા સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. એસ.એ.દેસાઈ સાહેબના માર્ગદર્શન હેઠળ તથા અ.હે.કો.દશરથ રામલાલ બ.નં.૭૦૮૧ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ બનેલ ગુનાઓ શોધી કાઢવા પેટ્રોલીંગમાં હાજર હતા દરમ્યાન અ.પો.કો.રાજદીપકુમાર ચતુરભાઈ બ.નં.૫૭૫૮ નાઓની બાતમી હકીકત આધારે રાણીસતી મંદીર ખાતે વૉચમાં હાજર રહી આરોપી હિતેશ કુટરમલ જાતે-જૈન ઉ.વ.૪૨ રહે-એ-૨/૯ કિરણ એપાર્ટમેન્ટ શાહીબાગ પોલીસ ચોકીની પાસે,શાહીબાગ, અમદાવાદ શહેર નાઓના કબ્જામાંથી એક એક્ટીવા નં. GJ-01-JC-9271 નો લખેલ વંચાય છે. જેનો ચેચીસ નંબર જોતા- ME4JF082H78789255 તેમજ એન્જીન નંબર- JF08E8968079 નો લખેલ વંચાય છે. જે એક્ટીવાની હાલની કિંમત રૂ.૨૦,000/- ની મત્તાનો મુદ્દામાલ રીકવર કરી આજરોજ તા.૧૮/૦૨/૨૦૧૯ ના કલાક:૨૩/30 વાગે અટક કરી શાહીબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૩૨/૨૦૧૯ ઈ.પી.કો.કલમ-૩૭૯ મુજબનો ગુનો ડીટેક્ટ કરી સારી કામગીરી કરેલ છે.

# પાસા હુકમ બજવણી

પોલીસ કમિશ્નર શ્રી ,અમદાવાદ શહેર તથા અધીક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર – ૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન- ૪ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પ્રોહીબીશન સંબંધી ગુનાઓ બનતા અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી જે.સી.શેખ સરદારનગર પો.સ્ટેશન અમદાવાદ શહેર તથા સ્ટાફના માણસો એ સુશીલાબેન આનંદભાઇ ગુમાને ઉ.વ – ૫૦ રહે- ચાલીસ મકાન બંગલા એરીયા રોડ , છારાનગર ,કુબેરનગર .સરદારનગર ,અમદાવાદ શહેર નાઓ પ્રોહીબીશન સંબંધી ગુનાઓ કરવાની પ્રવુત્તી સાથે સંકળાયેલ હોય તેના વિરુધ્ધ મા નોંધાયેલ ગુનાઓ ધ્યાને લઇ સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્રીત કરી પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નર શ્રી સમક્ષ સાદર કરતાં તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક પી.સી.બી/ડીટીએન/ પાસા /૧૭૦/૨૦૧૯ તા- ૧૮/૦૨/૨૦૧૯ અંન્વયે હુકમ કરતાં મજકુર પાસા અટકાયતીબેન ને આજરોજ તા- ૧૯/૦૨/૨૦૧૯ ના કલાક- ૧૭/૧૦ વાગે પાસા હુકમની બજવણી કરી "રાજકોટ જેલ" ખાતે પાસા અટકાયતીબેન ને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરવામા આવેલ છે .તા- ૧૯/૦૨/૨૦૧૯

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.